॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણા-કચ્છ

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● અ. અસો સુદ-૪ ● તા. ૨૦-૦૯-૨૦૨૦ ● રવિવાર SDP NO: 155 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

MISSION HEALTH & DISASTER

શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ, ~ નર્મદા કાઉન્સિલ ~ : મહાત્મા ગાંધી રીજીયન :

મહાત્મા ગાંધી રીજીયન ના ઘટક ગોતા સમાજ ના ભાડજ, અમદાવાદ માં રહેતા એક જરૂરત મંદ પરિવારે તેમની દીકરીનું ઓપરેશન કરાવ્યું હતું, જેમાં MGR તરફથી આંશિક આર્થિક મદદ અપાઈ હતી. ગઈ કાલે તા:૧૮/૦૯/૨૦૨૦ ના રોજ તે દિકરીનુ ઓપરેશન સફળતાપૂર્વક થઈ ગયું છે અને તે હવે રિકવરી પર છે.

તસ્વીર માં ગોતા યુવા મંડળ ના પ્રમુખશ્રી તુલસીભાઈ ભગત અને મંત્રીશ્રી મનસુખભાઈ પોકાર MGR તરફથી મદદ ની રકમ આપી હતી.

MGR ના આ સેવારૂપી કાર્ય માટે દીકરીના પિતા તરફથી આભાર સંદેશ પણ પ્રાપ્ત થયો છે.

MGR ના માજી પ્રમુખશ્રી પ્રવીણભાઈ રૂડાણી ની પ્રેરણા થકી આ સેવા કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.

યુવાસંઘ હર હંમેશ સમાજજનો ને અલગ અલગ માધ્યમથી મદદરૂપ થાય છે અને આગળ પણ થતું રહેશે.

પ્રેરણાત્મક ... આપણે સૌએ અપનાવવા જેવું ...

તા :- ૨૦/૦૯/૨૦૨૦

શ્રી ગોપાલભાઈ અબજીભાઈ સાંખલા - બીલીમોરા DGR. 9825418862. જેઓએ પોતાની પૌત્રી હીર સાંખલા ના જન્મ દિવસ નિમિત્તે અને

શ્રી પરસોત્તમ ભાઈ વાલજીભાઈ રામાણી - બીલીમોરા DGR 9825794166. જેઓએ પોતાની પૌત્રી પ્રિષા રામાણી ના જન્મ દિવસ નિમિત્તે

સનાતન ધર્મ પત્રિકા ના આજીવન સભ્ય બની સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે.

શ્રી સમાજ અને યુવાસંઘ તેમનો આભાર સાથે જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.

સંયોજક : મહેન્દ્ર પી સાંખલા - બીલીમોરા

-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-

ઈશ્વર રામજીભાઈ ધોળુ, મુંબઈ - MUR (EM) 9833074741

અશોક પોપટલાલ નાયાણી, જગદલપુર - CGR RDS 9406465755

પોતાના ૨૦-૯-૨૦૨૦ ના રોજ જન્મદિવસ નિમિત્તે સનાતન ધર્મ પત્રિકા ના આજીવન સભ્ય બની સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે.

શ્રી સમાજ અને યુવાસંઘ તેમનો આભાર સાથે જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.

સંયોજક :- નિલેશ સુરાણી (તલોદ)

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા.૧૮.૦૯.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૧૧:

જાપાનના જીવ વૈજ્ઞાનિક યોશિનોરી ઓસુમી ને ૨૦૧૬માં કયા સંશોધન માટે નોબેલ પુરસ્કાર આપવામાં આવેલ હતું ? (જે પુરાતન હિન્દુ સંસ્કૃતિના સિદ્ધાંતોનું અનુમોદન કરે છે.)

જવાબ : શારીરિક વિજ્ઞાન અને તેની દવાઓ માટે

જવાબ આપનાર વિજેતા : ભરત કાંતિલાલ નાયાની અણી - કોટડા (જ.) ૯૪૦૮૫૯૬૪૦૩.

ગઈકાલ તા.૧૯.૦૯.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૧૨:

૮ એપ્રિલ ૧૯૨૯ માં બ્રિટિશ ધારાસભા માં બોમ્બ ફેક્યાનાં ગુનાહ માં ભગતસિંહ સાથે અન્ય કોણ બે ક્રાંતિકારી યુવાનો હતા જેમને ફાંસી અપાઈ હતી... ??

આજના પ્રશ્ન નંબર ૧૧૩ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

અવસાન નોંધ

તારીખ : ૧૮/૦૯/૨૦

સ્વ. ઉષાબેન રમેશભાઈ સેંઘાણી, ઉમર : ૪૯ વર્ષ, કચ્છ : રત્નાપર- મઉ, હાલે: ડોંબીવલી.

સ્વ. પુરુષોત્તમ મુળજી દિવાણી, ઉમર : ૬૪ વર્ષ, કચ્છ : ખોંભડી, હાલે : માપસા ગોવા.

તારીખ : ૧૯/૦૯/૨૦

સ્વ. પુરુષોત્તમ પેથાભાઈ રુડાણી, કચ્છ : દોલતપર, હાલે : અજમેર.

તા.૧૯/૦૯/૨૦૨૦ ના સાંજે ૫:૦૦ કલાકે, કચ્છમાં વધતા જતા કોરોનાના દર્દીઓના રોકાણ અનુસંધાને ક્વોરેન્ટાઈન કરવા માટે રૂમોનું નિરીક્ષણ કરવા હેતુ કચ્છ કલેકટર પ્રવિણા ડી. અને તેમની ટીમે ઉમિયા માતાજી સંસ્થાનની મુલાકાત લીધેલ.

ધનસુરા સમાજ દ્વારા થતા સમૂહ લગ્ન મુલતવી રાખવાનો નિર્ણય

સંયોજક : યોગેશ રામાણી, માધવકંપા

ગઈકાલ તા. ૧૯-૦૯-૨૦૨૦ ને શનિવાર ના સવારના ૯:૦૦ કલાકે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત, ધનસુરા ના હોદેદારો ની સાથે સમાજના યુવક મંડળ અને મહિલા મંડળ તથા ઓધવ વિદ્યા મંદિર શૈક્ષણિક સમિતિ ના હોદેદારો તેમજ નવીન ઓધવ વિદ્યા મંદિર શૈક્ષણિક સંકુલ ની બાંધકામ સમિતિના સભ્યો ની મિટિંગ સમાજના પ્રમુખ શ્રી જગદીશભાઈ શામજીભાઈ વાસાણીના અધ્યક્ષ સ્થાને ધનસુરા ખાતે સમાજની ઓફિસમાં યોજાઈ હતી. જેમાં વર્તમાન કોરોનાની પરિસ્થિતિને લઈને ઘણા સમયથી સમાજની મીટીંગ મળી શકી ન હતી. પરંતુ સમાજની ગતિવિધિઓ પર નજર કરીએ તો આ મીટીંગમાં સમાજના અત્યારે ચાલતા કાર્યો અને ભવિષ્યમાં કરવાનાં કાર્યો અંગે નિર્ણય લેવા આવશ્યક બની ગયા હતા. જેમાં યુવક મંડળ, મહિલા મંડળ દ્વારા દર વર્ષે વસંત પંચમી ના ઉજવાતો સમૂહલગ્નોત્સવ આ વર્ષે જે તા. ૧૬-૦૨-૨૦૨૧ ને મંગળવારના ઉજવવાનો હતો, તે કોરોનાની મહામારીના કારણે તેમજ સમાજમાં કોરોનાના વધતા સંક્રમણ ને લીધે હાલ પૂરતો મોકૂફ રાખવામાં આવેલ છે. જેની દરેક સમાજજનોએ નોંધ લેવા વિનંતી છે

વધુમાં સમાજમાં કોરોનાનું સંક્રમણ રોકવા માટે આપણે સૌ સજાગ બની સતર્કતા દાખવી આપણા કાર્યો કરવા માટે તૈયાર થવું પડશે. અને આપણા કૌટુંબિક કે પારિવારિક પ્રસંગોમાં તેમજ આપણા સામાજિક અને ધાર્મિક ઉત્સવો કે કોઈ પણ જાતના મેળાવડાના આયોજન અત્યારે આ કોરોનાની મહામારી વચ્ચે આપણા સૌના માટે અનિવાર્ય લાગતાં નથી. જે માટે આપણે સૌ અગામી દિવસોમાં કૌટુંબિક અને સામાજિક કે ધાર્મિક ઉત્સવો સાદાઈથી ઉજવીએ. જેમાં આવનાર દિવસોમાં નવરાત્રિ દરમિયાન આપણે સૌ માતાજીની આરાધના કરીએ, પણ નવરાત્રિ સાદાઈથી ઉજવીએ. અને તેનાથી સમાજમાં કોરોનાનું સંક્રમણ ન વધે તેની પણ કાળજી રાખીએ. આવા અનેક પ્રયત્નો કે તકેદારીના પગલાં લેવાથી આપણે સમાજમાં વધતાં જતાં આ ભયંકર કોરોના વાયરસના સંક્રમણ ને દૂર કરી શકીશું. જે માટે હર સંભવ પ્રયાસ આપણે કરવો જ રહ્યો. આ એક નમ્ર અપીલ શ્રી ક. ક. પા. સનાતન સમાજ ગુજરાત, ધનસુરા નાં પ્રમુખશ્રી જગદીશભાઈ એસ. વાસાણી અને મંત્રીશ્રી ભરતભાઈ આર. વેલાણી દ્વારા જ્ઞાતિના લોકોને કરવામાં આવી છે.

પ્રશ્ન નંબર -૧૧૧ના જવાબ સંદર્ભે....

જાપાનના જીવ વૈજ્ઞાનિક યોશિનોરી ઓહસુમીને વર્ષ ૨૦૧૬માં ઑટોફૈજી (autophagy)ના સંશોધન માટે નોબેલ પુરસ્કાર આપવામાં આવેલ હતું.

વ્રત-ઉપવાસના દિવસોમાં ભૂખ્યા/ખાલીપેટ રહેવાથી શરીરમાંથી ઝેરી તત્વોને કાઢીને, નિર્જીવ કોષોને સાફ કરવાની પ્રક્રિયાને ઑટોફૈજી કહેવાય છે.

વાસ્તવમાં 'ઑટોફૈજી' શરીરમાં એક પ્રકારની 'રિસાયક્લિંગ પ્રોસેસ' છે.

(જે પુરાતન હિન્દુ સંસ્કૃતિના સિદ્ધાંતોનું અનુમોદન કરે છે.)

ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મમાં વ્રત-ઉપવાસનું વધારે મહત્વ છે. જોકે દુનિયાના બધા જ દેશોમાં ઉપવાસનું મહત્વ હોય છે.

સ્વાસ્થ્ય માટે ઉપવાસ સૌથી સારી ઔષધી માનવામાં આવે છે. આયુર્વેદમાં શરીરમાંથી ઝેરી તત્વો કાઢવાની વાત કરવામાં આવી છે.

પરમેશ્વરની આરધના અને ધાર્મિક આસ્થા માટે દરેક ધર્મોમાં કોઈને કોઈ અલગ રૂપે ઉપવાસનું મહત્વ છે.

ઉપવાસ એ વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક અભિગમ છે.

જ્યારે તમે બીમાર થાઓ છો ત્યારે ઉપવાસને સારો ઈલાજ માનવામાં આવે છે. ધાર્મિક માન્યતાથી પણ વિશેષ, ઉપવાસ શરીરને સ્વસ્થ રાખે છે. માનવીની દીર્ઘાયુ માટે ઉપવાસને અસરકારક અમૃત માનવામાં આવે છે.

ઉપવાસના ફાયદાઓ પણ અગણિત છે, જો તમે માનો તો આનાથી કૅન્સર સુધીની બીમારી પણ દૂર થાય છે. કારણકે ઉપવાસ કરવાથી ટ્યુમરના ટુકડા થઈ જાય છે.

જેટલો ઉપવાસ લાંબો હોય તેટલી જ શરીરમાં એનર્જી વધે છે. ઉપવાસ તમારા આત્મવિશ્વાસને એટલો બધો વધારે છે કે તમે તમારું શરીર, જીવન અને ક્ષુધા પ્રત્યે વધારે નિયંત્રણ હાંસલ કરી શકો છો. ઉપવાસ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક આમ ત્રિવિધ મહત્વ ધરાવે છે.

ઉપવાસ કરવાથી ઘણા ફાયદાઓ પણ છે જેમકે માનસિક સ્પષ્ટતામાં વૃદ્ધિ થાય છે, વજનમાં ઘટાડો થાય છે, ઊર્જાનું સ્તર વધવાથી સંવેદન ક્ષમતામાં વૃદ્ધિ થાય છે, ત્વચા સંવેદનશીલ નરમ, રેશમ જેવી બને છે તેમજ પાચનતંત્ર સુધરે છે.

ઉપવાસના વિશેષ ફાયદાઓ જેવાકે... એકાગ્રતા અને સ્મરણશક્તિ વધે છે.

નર્વસ સિસ્ટમ (સંદેશા લઈ જનાર-લાવનાર મોટર સેન્સરી) સુધરે છે.

શ્વાસોશ્વાસની ગતિ એકદમ સુધરે છે.

પાચન સંસ્થાનમાં (ડાયજેસ્ટીવ સિસ્ટમ)માં અકલ્પનીય ફેરફાર થાય છે.

ટોક્સિક પદાર્થો ઘટવાથી રોગ થતા નથી અને રોગ પ્રતિકારકશક્તિ વધે છે.

સ્વસ્થ રહેવા માટે અઠવાડિયામાં એકવાર ઉપવાસ કરવો જ જોઈએ.

ઉપવાસના મહત્વને સમજતા બધા ધર્મોના પ્રણેતાઓએ આને ધાર્મિક રીતિ-રીવાજ સાથે જોડી દીધો છે. જેથી લોકો ઉપવાસના અનુશાસનમાં રહે.

ઉપવાસ એટલે ભૂખ્યા રહેવું. કશું જ પેટમાં નાખવું નહીં. આપણા ધાર્મિક ગ્રંથોમાં પણ ઉપવાસ વિષે ઘણી વાતો લખી છે.

#((માહિતી મોકલનાર))

વીરજીભાઈ રામજીભાઈ ભાવાણી ~ અમરાવતી (મહારાષ્ટ્ર)